# ક્ષમા (આપણી જાત માટે)

હે પરબ્રહ્મ,દૈવિક પિતા,દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા, મારા આધ્યાત્મિક માર્ગદર્શકો,
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો, મારા આધ્યાત્મિક
સહાયકો, સમસ્ત આધ્યાત્મિક સહાયકો,
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો, મહાન કર્મમંડળ.

હું એજ છું જે હું છું.

મારાથી, જાણતા કે અજાણતા, પૂર્વજન્મોમાં કે
આ જન્મમાં, જે પણ ખોટા કાર્યો થયા છે, તે માટે
હું વિનમ્રતાપૂર્વક દિવ્ય ક્ષમા નું આહવાન કરું છું.

હું એ બધાંને ક્ષમા કરું છું, જેમણે મારા તથા
મારા પરિવાર પ્રત્યે કંઈપણ ખોટું કર્યું છે.

કૃપા કરી મારા મનનો દરેક પ્રકારનો ભય અને
શંકા દૂર કરો.

હું ક્ષમા કરી રહ્યો/રહી છું અને ભૂલી રહ્યો/રહી છું.
હું ક્ષમા કરી રહ્યો/રહી છું અને ભૂલી રહ્યો/રહી છું.
હું ક્ષમા કરી રહ્યો/રહી છું અને ભૂલી રહ્યો/રહી છું.

હું પૂર્ણ ચેતના સાથે ઉપર દર્શાવેલી વાતોનો
સ્વીકાર કરું છું.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જીવનભર અથવા નિર્દેશ અનુસાર વાંચવું)


Copyright @ All rights reserved

# ક્ષમા (પરિવારના સભ્યો માતા, પિતા, ભાઈ, બહેન, બાળકો તથા નજીકના સગા સંબંધીઓ વગેરે માટે)

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા,
મારા (માતા,પિતા,ભાઈ,બહેન,બાળકો વગેરે) ના
ઉચ્ચ આત્માઓ,
અમારા આધ્યાત્મિક માર્ગદર્શકો તથા સહાયકો,
બધાં જ ઉપચારાત્મક દેવદૂતો,
મહાન કર્મમંડળ.

હે ઈશ્વર અમને એકબીજા સાથે મેળવવા બદલ
આપનો આભાર.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર
કરું છું.

હું વિનમ્રતાપૂર્વક દિવ્ય ક્ષમાનુ આહવાન કરું છું.

(માતા, પિતા, ભાઈ, બહેન, બાળકો વગેરે) મેં
જાણતાં-અજાણતાં પૂર્વ જન્મમાં કે આ જન્મમાં
તમારા પ્રત્યે જે પણ દ્વેષભાવ રાખ્યો, જેને લીધે
તમને ખુબ જ દુઃખ થયું તેમજ ઠેસ પહોંચી એ
બધાં માટે કૃપા કરી મને ક્ષમા કરો.

આપે મારા પ્રત્યે જે દ્વેષભાવ રાખ્યો એ માટે હું
વિનમ્રતા પૂર્વક તમને ક્ષમા આપું છું.

તમારા સર્વે ઉપર ઈશ્વરનો ભરપુર પ્રેમ તથા
આશીર્વાદ સદાય વરસતા રહે. (૩ વખત)

આપણા સંબંધોમાં હંમેશા શાંતિ અને સુમેળ રહે.
(૩ વખત)

હે ઇશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જરૂરીયાત મુજબ વાંચવું)


Copyright @ All rights reserved

# ક્ષમા(સાસરા પક્ષનો પરિવાર, સાસુ/સસરા, સાળા/સાળી વગેરે તથા તેમના નજીકના સગા સંબંધીઓ)

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા,
મારા(સાસરા પક્ષના લોકોના નામ) ના ઉચ્ચ
આત્માઓ, અમારા આધ્યાત્મિક માર્ગદર્શકો તથા
સહાયકો,સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો,
મહાન કર્મમંડળ.

હે ઈશ્વર અમને એકબીજા સાથે મેળવવા બદલ
આપનો આભાર.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર
કરું છું.
હું વિનમ્રતાપૂર્વક દિવ્ય ક્ષમાનુ આહવાન કરું છું.

(સાસરા પક્ષના લોકોના નામ) મેં જાણતાં-
અજાણતાં પૂર્વ જન્મમાં કે આ જન્મમાં આપ સર્વે
પ્રતિ જે દ્વેષભાવ રાખ્યો, જેને લીધે આપ સર્વેને
ખૂબજ દુઃખ થયું તેમજ ઠેસ પહોંચી એ બધાં
માટે કૃપા કરી મને ક્ષમા કરશો.

આપ સર્વેએ મારા પ્રત્યે તેમજ મારા પરિવાર
પ્રત્યે જે દ્વેષભાવ રાખ્યો કે દુઃખ પહોંચાડયું, તેને
માટે હું વિનમ્રતા પૂર્વક ક્ષમા આપું છું.

તમારા સર્વે ઉપર ઈશ્વરનો ભરપૂર પ્રેમ તથા
આશીર્વાદ સદાય વરસતા રહે. (૩ વખત)
કૃપા કરીને શાંતિથી જાવ. (૩ વખત)
આપણા સંબંધોમાં હંમેશા શાંતિ અને સુમેળ
બની રહે. (૩ વખત)

હે ઈશ્વર આપનો આભાર આભાર આભાર.

(જરૂરીયાત મુજબ વાંચવું)


Copyright @ All rights reserved

# ક્ષમા પ્રાર્થના પતિ-પત્ની માટે

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા,
મારા પતિ/મારી પત્ની (નામ) નો ઉચ્ચ આત્મા,
અમારા સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો તથા
ગુરુજનો, અમારા સમસ્ત આધ્યાત્મિક સહાયકો,
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો, મહાન કર્મમંડળ.

હું એજ છું જે હું છું.

હે ઈશ્વર આપનો ખુબજ આભાર કે આપે અમને બંનેને
એકબીજા સાથે મેળવ્યા. આપનો આભાર કે આપે અમારા
કર્મોનું સંતુલન કર્યું.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર કરું છું.

મેં જાણતાં કે અજાણતાં આપ પ્રત્યે તથા આપના પરિવાર
પ્રત્યે જે પણ દ્વેષભાવ રાખ્યા તે માટે હું ક્ષમા માંગું છું. આપે
મને જે તમામ દુઃખ આપ્યા તથા દ્વેષભાવ રાખ્યો જેને લીધે
મને ખુબ ઠેસ પહોંચી તેને માટે હું તમને ક્ષમા આપું છું.

હું મારા પતિ/મારી પત્ની (નામ) માટે ઈશ્વર પાસે દિવ્ય પ્રેમ,
દિવ્ય દયા તેમજ દિવ્ય કરુણાની પ્રાથર્ના કરું છું. હું પ્રાર્થના
કરું છું કે આ દિવ્ય જ્યોતિ તેમને ઈશ્વરિય દિશામાં સુરક્ષા
પ્રદાન કરે અને ઈશ્વર તરફ તેમનું માર્ગદર્શન કરે.

તેમની અંદર જે કોઈ નકારાત્મક ઉર્જા કે મતભેદ છે, જે
ક્યાંકથી તેમની તરફ આવી રહી છે અથવા તેમના દ્વારા
ક્યાંક જઈ રહી છે, ઈશ્વર તે નકારાત્મક ઉર્જા ને આપના
દિવ્ય પ્રકાશ દ્વારા પ્રજવલિત કરીને તેને સકારત્મક ઉર્જા
માં ફેરવી નાખો.

મારા પતિ/મારી પત્ની, ઈશ્વર દ્વારા રચિત પરિપૂર્ણ
કૃતિ છે, જે તન-મન-આત્મા રૂપે વ્યક્ત છે.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(રોજ વાંચવાનું છે.)


Copyright © all rights reserved

## ક્ષમા પ્રાર્થના વ્યક્તિગત (મિત્રો, સહકર્મચારી, ઓફીસ/ધંધાને સંબંધિત લોકો, પડોશી તથા અન્ય)

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા, (નામ) નો ઉચ્ચ આત્મા,
અમારા સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો તેમજ
મદદનીશો, બધા જ ઉપચારાત્મક દેવદૂતો,
મહાન કર્મમંડળ.

હું એજ છું જે હું છું.

હું વિનમ્રતાપૂર્વક દિવ્યક્ષમાનું આહવાન કરું છું.

(નામ) મેં જાણતાં - અજાણતાં આપને તથા
આપના પરિવારને પ્રત્યે જે પણ દ્વેષભાવ રાખ્યો
જેથી આપ સર્વેને ખુબજ દુઃખ થયું તથા ઠેસ
પહોંચી એ માટે હું આપ સર્વેની ક્ષમા માંગું છું.

હું આપને આપની એ બધી જ ભૂલો માટે ક્ષમા
કરું છું, જે આપે મારા તેમજ મારા પરિવાર પ્રત્યે
કરી જેથી મને અતિ અધિક દુઃખ પહોંચ્યું.

ઈશ્વરનો ભરપૂર પ્રેમ અને આશીર્વાદ આપ ઉપર
તથા આપના પરિવાર ઉપર સદાય વરસતા રહે.
(૩ વખત)

કૃપા કરીને શાંતિથી જાવ. (૩ વખત)

આપણી વચ્ચે શાંતિ તેમજ સુમેળ બની રહે. (૩ વખત)

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જરૂરીયાત મુજબ વાંચવું)


Copyright @ All rights reserved

## ક્ષમા(પૂર્વ-પુરુષમિત્ર/ સ્ત્રીમિત્ર, પૂર્વ ભાગીદારો, પૂર્વ-પતિ/પત્ની)

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા તથા (નામ) નો ઉચ્ચ આત્મા,
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો, સહાયકો તેમજ
ગુરુજનો, સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો,
મહાન કર્મમંડળ.

હું એજ છું જે હું છું.

હે ઈશ્વર આપનો આભાર કે આપે અમને મેળવ્યા. આપનો
આભાર કે આપે જ અમારા કર્મોનું સંતુલન કર્યું.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર કરું છું.

(નામ) મેં જાણતાં-અજાણતાં, આ જન્મમાં કે પૂર્વ જન્મમાં
આપ તેમજ આપના પરિવાર પ્રત્યે જે કંઈ પણ દ્વેષભાવ
રાખ્યા જેને લીધે આપ સર્વેને ખૂબજ દુઃખ તથા ઠેસ
પહોંચી, એના માટે હું ક્ષમા યાચના કરું છું.

આપે મારા તેમજ મારા પરિવાર પ્રત્યે જે કંઈપણ ભૂલો
કરી તે માટે હું આપને ક્ષમા કરું છું.
હું ક્ષમા કરી રહ્યો/રહી છું અને ભૂલાવી રહ્યો/રહી છું.
(૩ વખત)
આપણી વચ્ચે શાંતિ અને સુમેળ બની રહે. (૩ વખત)
ઈશ્વરના આશીર્વાદ સદાય તમારા તેમજ તમારા
પરિવાર પર વરસતા રહે. (૩ વખત)

કૃપા કરીને શાંતિથી જાવ. (૩ વખત)
હું પૂર્ણ ચેતના સાથે ઉપર દર્શાવેલી વાતોનો સ્વીકાર
કરું છું.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જીવનભર અથવા નિર્દેશ અનુસાર વાંચવું)


Copyright @ All rights reserved

## ક્ષમા (નકારાત્મક ઉર્જા(DE)/સફેદ જાદુ(WM)/ ખુબજ મજબુત કોર્ડ (જેમ કે આત્મા, પુર્વજન્મોનો આત્મા કે શ્રાપ) જો પૂરાં પરિવાર પર કાળો જાદુ/ સફેદ જાદુ/શ્રાપ હોય તો પરિવારના બધા જ સભ્યોએ ક્ષમા વાંચવી)

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા, (નામ) નો ઉચ્ચ આત્મા,
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો, સહાયકો તથા
ગુરૂજનો, સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો,
મહાન કર્મમંડળ.

હું એજ છું જે હું છું.

હે ઈશ્વર અમને મેળવવા બદલ આપનો આભાર. આપનો
આભાર કે આપે અમને અમારા કરેલા કર્મોને સંતુલિત
કરવાની મંજૂરી (અનુમતિ) આપી. હું આ દિવ્ય નિર્દેશન
અને યોજનાનો સ્વીકાર કરી રહ્યો છું/કરી રહી છું.

(નામ) મેં જાણતાં-અજાણતાં, પૂર્વ જન્મમાં કે આ જન્મમાં
આપના તથા આપના પરિવાર પ્રત્યે જે કંઈપણ ભૂલો કરી
કે જેના લીધે આપને ઊંડાણપૂર્વક દુઃખ તથા ઠેસ પહોંચી
તેના માટે હું ક્ષમાયાચના કરી રહ્યો છું/રહી છું. જેના કારણે
આપને, મારા તથા મારા પરિવારના પ્રત્યે કોઈક અત્યંત
ખોટા કાર્યો કરવા પડ્યા. હું ફરીથી ક્ષમાયાચના કરું છું.

હું આપને તે બધા જ ખોટાં કાર્યો માટે ક્ષમા કરી રહ્યો છું/રહી
છું, જે આપે મારા તથા મારા પરિવાર પ્રત્યે કર્યા છે. હું ક્ષમા
કરી રહ્યો છું/રહી છું તથા ભૂલી રહ્યો છું/રહી છું. (૩ વખત)
આપણી વચ્ચે હંમેશા શાંતિ અને સુમેળ બની રહે. (૩ વખત)
ઈશ્વરની જ્યોતિ, પ્રેમ તથા આશીર્વાદ હંમેશા આપના
તથા આપના પરિવારની સાથે રહે. (૩ વખત)
કૃપા કરી શાંતિથી જાઓ. (૩ વખત)

હું પૂર્ણ ચેતના સાથે ઉપર દર્શાવેલ વાતોનો સ્વીકાર
કરી રહ્યો છું/રહી છું. (૩ વખત)

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.

(જીવનભર અથવા નિર્દેશ અનુસાર વાંચવું)


Copyright @ All rights reserved

# ક્ષમા અભીકથન

કોર્ડ (સુક્ષ્મ સંપર્ક) પ્રભાવને દૂર કરવા માટે, ભાવનાત્મક અડચણો અને સ્વાસ્થ્ય, સફળતા અને સમૃદ્ધિ માં આવતી સુક્ષ્મ અડચણોના પ્રભાવને દૂર કરવા માટે.

Copyright © all rights reserved

Gujarati